# સુરત મહાનગરપાલિકા

## ડિપાર્ટમેન્ટ ઓફ એફોર્ડેબલ હાઉસીંગ

## જાહેર નોટીસ

**<u>આવાસ ખાતે રહેતા લાભાર્થીઓ જોગ</u>**

સુરત મહાનગરપાલિકા દ્વારા અત્યાર સુધીમાં વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં બનાવવામાં આવેલ આવાસો જેવા કે, ટેનામેન્ટ / સાઈટ એન્ડ સર્વિસીસ / વામ્બે / EWS / LIG / JnNURM-BSUP / MMGY / ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ / પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) ખાતેના આવાસોના ફ્લેટ / કોમનના વીજ કનેકશનો જે તે સમયે હોદ્દાની રૂએ "કમિશ્નર" (SMC) નામે લેવામાં આવેલ હતા. આવાસ ફાળવણીની બોલીઓ અને શરતો મુજબ આવાસ ખાતે રહેતા રહીશોએ તેમના આવાસના વીજ જોડાણો પોતાના નામે કરાવવાના રહેતા હતા.પરંતુ ઘણા લાંબા સમયથી સદર આવાસના વીજ કનેકશનો જે તે આવાસના રહીશોએ પોતાના નામે ટ્રાન્સફર ન કરાવેલ હોવાનું માલુમ પડેલ છે.

સદર પ્રકારના આવાસોનો કબ્જો સુપરત કર્યાને વર્ષો વીતી જવા છતાં આવાસ ખાતે કોમન સર્વિસીસ જેવી કે, લીફ્ટ, પાણીની વ્યવસ્થા માટે ના પંપ/મોટર તેમજ ફાયર સર્વિસીસ ના પંપ/મોટર નો રોજીંદા જીવનમાં ઉપયોગ કરી તેના વીજ બીલના નાણાં ભરપાઈ કરતાં હોવા છતાં લગાડવામાં આવેલ વીજ મીટરના વીજ બીલ જે તે આવાસના પ્રમુખશ્રીના નામે ટ્રાન્સફર કરવામાં આવેલ નથી.

સુરત મહાનગરપાલિકાના આવાસ સાથે સંલગ્ન વિભાગ દ્વારા વખતોવખત પત્ર તેમજ નોટીસો પાઠવી, આવાસના સ્થળો ખાતે કેમ્પનું આયોજન કરી જે તે લાભાર્થી / પ્રમુખશ્રીના નામે ટ્રાન્સફર કરવા અંગે જાણ કરવામાં આવેલ તેમ છતાં આજદીન સુધી સદર આવાસો ખાતેના વીજ કનેકશનોમાં નામ ટ્રાન્સફર કરાવવાની પ્રક્રિયા હજુ બાકી હોવાનું ધ્યાને આવેલ છે.

નામ ટ્રાન્સફર કરવા માટે જરૂરી પુરાવા રૂપે આવાસ ફાળવણી પત્ર (મૂળ માલિક જેને આવાસ ફાળવેલ હોય), દસ્તાવેજ કરાવેલ હોય તો દસ્તાવેજની ઈન્ડેક્ષની નકલ, વેરાબીલ, લાઈટબીલ, આધાર કાર્ડ, પાસપોર્ટ સાઈઝ ફોટો લઈ NOC મેળવવા માટે ડિપાર્ટમેન્ટ ઓફ એફોર્ડેબલ હાઉસીંગ અથવા જે તે વિસ્તારની ઝોન ઓફીસ ખાતે જમીન મિલ્કત વિભાગ નો સંપર્ક કરવાનો રહેશે.

આવાસ ફાળવણીની બોલીઓ અને શરતો મુજબ આવાસ ખાતે રહેતા લાભાર્થીઓ / રહીશોએ તેમના આવાસના તેમજ કોમનના વીજ જોડાણોના નામ ટ્રાન્સફર કરવાના બાકી હોય તેમણે **<u>ત્રણ (૦૩) માસ ની અંદર</u>** નામ ટ્રાન્સફર કરાવી લેવાનું રહેશે અન્યથા નિર્ધારીત મુદત વિત્યા બાદ જે તે વીજ કનેકશન કાયમી ધોરણે બંધ કરવા / ડીસકનેક્ટ કરવા અંગેની કાર્યવાહી સુરત મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવશે. જેની સંપૂર્ણ જવાબદારી જે તે લાભાર્થીની / પ્રમુખની રહેશે.

પી.આર.ઓ.નં.૧૬૧/૨૦૨૪–૨૫
તા.૦૪/૦૯/૨૦૨૪

એડીશનલ સીટી ઈજનેર
સુરત મહાનગરપાલિકા